# ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સમાં ભારતીયોનાં 'બેદરકારીભર્યા અભિગમ'નો ખુલાસો થયો

દર ત્રણમાંથી એક કુટુંબ સ્વીકારે છે કે, જ્યારે તેઓ ઘરની સુરક્ષાની વાત આવે છે, ત્યારે શોર્ટકટ અપનાવે છે. સંશોધનમાં ભારતીયોની સારી અને બહુ સારી નહી એવી ઘરની રક્ષાની પ્રેક્ટિસનો ખુલાસો થયો

અમદાવાદ, ૨૯ જાન્યુઆરી, ૨૦૧૯: ભારતની અગ્રણી સીક્યોરિટી સોલ્યુશન્સ પ્રોવાઈડર ગોદરેદ સીક્યોરિટી સોલ્યુશન્સ (જીએસએસ)એ આજે ભારતીયોનાં ઘર અને કિંમતી ચીજવસ્તુઓની દેખભાળ રાખવા માટેની કેટલીક શ્રેષ્ઠ અને કેટલીક બહુ સારી નહી એવી પ્રેક્ટિસનો ખુલાસો કર્યો હતો. કંપનીનાં અભ્યાસ મુજબ, ૨૭.૨ ટકા ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું હતું કે, જ્યારે તેઓ બહાર જાય છે, ત્યારે તેમનાં ચાવી ફ્રન્ટ ડોરની મેટ નીચે નિયમિતપણે મૂકીને જાય છે, ૩૫.૧ ટકા ઉત્તરદાતાઓએ ૩૦ મિનિટથી ઓછા સમય માટે ઘર છોડીને જાય તો તમામ બારીઓ બંધ કે લોક કરવાનું પસંદ કરશે અને ફક્ત ૩૭.૨ ટકા લોકોએ આટલા ગાળા માટે બહાર જાય તો આગળનો દરવાજો લોક કરીને જવાનું પસંદ કરશે એવું જણાવ્યું હતું.

સર્વેમાં એવી જાણકારી પણ મળી હતી કે, ચાલુ વર્ષે અત્યાર સુધી દર છ ઘર (૧૬.૮ ટકા)નાં સભ્યોએ સ્વીકાર્યું હતું કે, ઓછામાં ઓછા ૨૦ મિનિટ માટે ઘર છોડી જવાનું હોય તો તેઓ બારીઓ બંધ કરતાં નથી, ત્યારે ૯.૬ ટકા આટલા ગાળા માટે ગેરહાજર હોય તો તેમનો આગળનો દરવાજો ખુલ્લો છોડીને જાય છે. ૮૮.૩ ટકા ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું હતું કે, તેઓ તેમની ચાવીઓ ત્રીજા પક્ષ (પડોશીઓ, કામવાળા, ડ્રાઈવર વગેરે)નાં ભરોસો છોડીને જાય છે, જે એમનાં માટે નિયમિત બાબત છે.